અપીલ અરજી નં.૯ તા.૮–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૩–૦૯ ની અરજીથી બડેખા ચકલા હજરત ખ્વાજા દાના રોડ દારૂલ ઉલૂમ મદ્રેસાના કંપાઉન્ડની સામે? હાફેઝજીન અબ્દુલ્લાહ મસ્જીદની આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામોનો નોંધ નંબર, પ્લાન કોના નામે અને કોણે પાસ કર્યુ જેની તારીખ સાથેની માહિતી, બાંધકામ પ્લાન મુજબ છે? એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી? અને કેટલી? ગેરકાયદેસર બાંધકામ કેટલું? બાંધકામના માલિકોના નામ, સરનામાં સદર જગ્યાની આજુ બાજુમાં બે બાંધકામો થાય છે તેની સ્થળ તપાસ કરી તેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૪–'૦૯ ની અપીલ અરજી નં.૯/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૩–૦૯ ની અરજીથી બડેખા ચકલા હજરત ખ્વાજા દાના રોડ દારૂલ ઉલૂમ મદ્રેસાના કંપાઉન્ડની સામે? હાફેઝજીનઅબ્દુલ્લાહ મસ્જીદની આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામોનો નોંધ નંબર, પ્લાન કોના નામે અને કોણે પાસ કર્યુ જેની તારીખ સાથેની માહિતી, બાંધકામ પ્લાન મુજબ છે? એલાઈમેન્ટનીજગ્યા છોડી છે ખરી? અને કેટલી? ગેરકાયદેસર બાંધકામ કેટલું? બાંધકામના માલિકોના નામ, સરનામાં સદર જગ્યાની આજુ બાજુમાં બે બાંધકામો થાય છે તેની સ્થળ તપાસ કરી તેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે એડ્રેસ અને ચોકકસ સ્થળ આપ્યા છતાં નોંધ નંબરની માંગણી કરી ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી રહયા છે જે સ્થળ બતાવેલ છે તે સ્થળે આજુ બાજુમાં બે બાંધકામો થાય છે તેવી વિગત જણાવી માહિતી પૂરી પાડવાની રજુઆત કરી માહિતી નહીં મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪ તા.૧૮–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૨ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી બડેખા ચકલા હજરત ખ્વાજા દાના રોડ દારૂલ ઉલૂમ મદ્રેસાના કંપાઉન્ડની સામે? હાફેઝજીનઅબ્દુલ્લાહ મસ્જીદની આજુ બાજુમાં ચાલતાં નવા બાંધકામોનો નોંધ નંબર, પ્લાન કોના નામે અને કોણે પાસ કર્યુ જેની તારીખ સાથેની માહિતી, બાંધકામ પ્લાન મુજબ છે? એલાઈમેન્ટનીજગ્યા છોડી છે ખરી? અને કેટલી? ગેરકાયદેસર બાંધકામ કેટલું? બાંધકામના માલિકોના નામ, સરનામાં સદર જગ્યાની આજુ બાજુમાં બે બાંધકામો થાય છે તેની સ્થળ તપાસ કરી તેની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭૩ તા.૩૧–૩–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં અરજીમાં નોંધ નંબરની સ્પષ્ટ વિગત દર્શાવેલ ન હોય મિલ્કતની સ્પષ્ટ વિગત આપ્યાથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય એમ છે. તેવું જણાવેલ અરજદાર અપીલ અરજીમાં એડ્રેસ અને ચોકકસ સ્થળ આપ્યા છતાં હમો પાસે નોંધ નંબરની માંગણી કરી ગેરમાર્ગે દોરી રહયા હોવાનું જણાવે છે.

આરટીઆઈ એકટ ની કલમ ૪(૧)સી અને ડી ની જોગવાઈઓ ધ્યાને લેતાં જાહેરજનતાને અસરકર્તા નિર્ણયો કે મહત્વની નીતિ જાહેર કરતી વેળાં નિર્ણયની વિગતો જાહેર કરવાની તથા અસરકર્તા લોકોને વહિવટી અને અર્ધન્યાયિક નિર્ણયોના કારણો આપવાની જોગવાઈ ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતરેથી માહિતી આપી શકાય.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અને અરજદારને નોંધ નંબરની સ્પષ્ટ વિગત અને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરૂં પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ, સાગર હોટલની પાસે, ચોકબજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.